# વલસાડ જિલ્લામાં મધ્યાહ્ન ભોજન યોજના (પી.એમ.પોષણ યોજના) હેઠળ ૧૧ માસની કરાર આધારીત જગ્યા ભરવાની જાહેરાત

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી જીલ્લા કક્ષાની તેમજ તાલુકા કક્ષાની કચેરીઓમાં ૧૧ માસની કરાર આધારીત ભરતી માટે નીચે મુજબની જગ્યાઓ માટે અરજી આવકાર્ય છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક મહેનતાણું | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર | ૦૧ | રૂા. ૧૦,૦૦૦/- ફિક્સ | ૧) માન્ય યુનિ.માંથી ૫૦% ગુણાંકન સાથેના સ્નાતક<br>૨) સરકાર માન્ય સંસ્થામાંથી CCC પરીક્ષા પાસ<br>૩) માન્ય યુનિ. માંથી એમસીએની ડિગ્રી વાળાને અગ્રમતા |
| ૨ | તાલુકા કક્ષાએ તાલુકા એમ.ડી.એમ. સુપરવાઈઝર (પી.એમ.પોષણ યોજના) | ૦૫ | રૂા. ૧૫,૦૦૦/- ફિક્સ | ૧) માન્ય યુનિ. માંથી ગ્રેજ્યુએટ-ઈન-હોમ સાયન્સ, ફૂડ એન્ડ ન્યુટ્રીશીયન/સાયન્સના સ્નાતક<br>૨) કમ્પ્યુટર અંગેનું જ્ઞાન ફરજિયાત |

મધ્યાહ્ન ભોજન યોજના (પી.એમ.પોષણ યોજના)માં જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર, તાલુકા કક્ષાએ તાલુકા એમ.ડી.એમ. સુપરવાઈઝર (પી.એમ.પોષણ યોજના)ની ૧૧ માસના કરાર આધારીત ભરતી માટે પસંદગી કરવા માટે યોગ્ય લાયકાતો અને પુરતો અનુભવ ધરાવતા ઉમેદવારોની વયમર્યાદા અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૫૮ વર્ષ કે તેથી વધુ ન હોય તેવા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

અરજી ફોર્મ, નિમણુક માટેની લાયકાત અને શરતો પી.એમ.પોષણ યોજના (મ.ભો.યો.), કલેક્ટર કચેરી, વલસાડની કચેરીમાંથી મેળવી શકાશે.

નિયત નમુનામાં જાહેરાત પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં અરજી રૂબરૂમાં સાદી ટપાલથી કે રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે. નિયત સમય બાદ મળેલ અરજીઓ માન્ય ગણાશે નહી.

અરજી કરતાં પહેલાં ઉમેદવારે આ જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વયમર્યાદા, અનુભવ, નિમણુકનો પ્રકાર અને મહેનતાણાં અંગેની સુચનાઓ / માર્ગદર્શિકા પહેલા વાંચી લેવી.

આ જગ્યાઓ અંગેની પસંદગી યાદી પી.એમ.પોષણ યોજના (મ.ભો.યો.)ની કચેરીના નોટિસ બોર્ડ ઉપર મુકવામાં આવશે. મેરીટમાં અગ્રતા મેળવેલ ઉમેદવારના ઈન્ટરવ્યૂ / પ્રમાણપત્રોની ચકાસણી માટે જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, પી.એમ.પોષણ યોજના (મ.ભો.યો.) વલસાડ દ્વારા લેખિત / ઈ-મેઈલ દ્વારા જણાવવામાં આવશે.

તા. ૧૧-૦૭-૨૦૨૩ | નં. માહિતી/વલસાડ/૨૧૭/૨૦૨૩ | સહી/- કલેક્ટર વલસાડ